જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૨૩/૧૦/૨૦૨૩ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૪૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી, ૩૪ લીટર દેશી દારૂ, ૧૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૧૬ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૮૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૪૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૭૪૪/૨૦૨૩

**વટવાઃ** કિરણભાઇ સ/ઓ જયંતીભાઇ લાવંત્રા (રહે. સૃષ્ટી એપાર્ટમેન્ટ કૈલાસતીર્થ એપાર્ટમેન્ટની સામે વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૦/૨૦૨૩ બપોરના ૧/૦૦ થી તા.૨૨/૧૦/૨૦૨૩ બપોરના ૧/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૪૬,૫૦૦/- મતાના ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી મહેશભાઇ કાશીરામભાઇ ચલાવે છે.

## સોનાનો દોરો ઝુટવી લઈ ગયોઃ- સમાચાર યાદી નં.૧૭૪૫/૨૦૨૩

**શહેરકોટડાઃ** જગદીશભાઇ શાંતિલાલ પરમાર (ઉ.વ.૪૦) (રહે. હીરા માસ્તરની ચાલી, છેલ્લા બસ સ્ટેન્ડ પાસે મેઘાણીનગર) તા.૨૨/૧૦/૨૦૨૩ રાતના ૨/૦૦ વાગ્યાના સુમારે મેમ્કો ચાર રસ્તા નજીકથી જગદીશભાઇ પરમાર તેમની પત્ની સાથે મોટર સાયકલ ઉપર પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ જગદીશભાઇ પરમારની પત્નીના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ઝુંટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ જગદીશભાઇ પરમાર એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જી.ચૌધરી ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટે આવી જતા મૃત્યું :-** **સમાચાર યાદી નં.૧૭૪૬/૨૦૨૩**

**વટવા જીઆઈડીસીઃ (૧)** રામસિંહ જગદીશસિંહ (ઉ.વ.૩૫) (રહે. રાણીપુર કલ્યાણગઢ ચિત્રકુટ ઉત્તરપ્રદેશ) તા.૨૧/૧૦/૨૦૨૩ સાંજના ૮/૩૦ વાગ્યા પહેલા પુનિતનગર ફાટક નજીક રેલવે થાંભલા કી.મી.નં-૪૮૯/૧૯બી થી ૪૮૯/૨૧ વચ્ચે ટ્રેઈનની અડફેટે આવી જતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આઈ.મકરાણી ચલાવે છે.

**વટવા જીઆઈડીસીઃ (૨)** સંદીપભાઈ સ/ઓ કસનભાઈ કામોળ (ઉ.વ.૨૧) (રહે. સરણીયાવાસ જશોદાનગર) તા.૨૨/૧૦/૨૦૨૩ સવારના ૯/૩૦ વાગ્યા પહેલા પુનિતનગર ફાટક નજીક રેલવે થાંભલા કી.મી.નં-૪૮૯/૨૩ થી ૪૮૯/૨૫ ની વચ્ચે ટ્રેઈનની અડફેટે આવી જતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આઈ.મકરાણી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૪૭/૨૦૨૩**

**ખોખરાઃ** થંગરાજ અમુર્દલીગુંમ નાદર (ઉ.વ.૬૦) (રહે. ભગ્યોદયનગર રામરથ કોમપ્લેક્ષની બાજુમાં સી.ટી.એમ ખોખરા) એ અગમ્ય કારણસર તા.૨૦/૧૦/૨૦૨૩ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લેતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૨/૧૦/૨૦૨૩ સાંજના ૫/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.વિડજા ચલાવે છે.

**રામોલઃ** જીતેન્દ્રભાઈ આત્મારામ ઠાકરે (ઉ.વ.૪૫) (રહે. વૈદેહી રેસીડેન્સી ન્યુ આર.ટી.ઓ રોડ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૨/૧૦/૨૦૨૩ સવારના ૧૧/૨૫ વાગ્યાના સુમારે પોતાના રહેણાંકના ચોથા માળની ગેલેરીમાંથી પડતું મુકતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કાળુભાઇ ભુરાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી